Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH


## ધર્મ

આપણા વડિલોએ, સંબંધીઓએ કે રાજ્યે ભલે નક્કી કરી આપ્યું હોય કે તમારૂં હિત આમા જ છે, તે છતાં તે ઉપરાંત તમે જાતે તમારું હિત શેમાં રહ્યું છે, તે સમજવા મથો ને તે પામવા પ્રયત્ન કરો તે તમારો ધર્મ છે. જે વર્તન બીજાના હિતમાં વિરોધી નથી જે પ્રયત્ન તમને તમારા કલ્યાણ પ્રત્યે દોરી જાય છે તે વર્તન, તે પ્રયત્ન, તે આચારવિચાર તે તમારો ધર્મ છે. ધૃ, ધાતુ ઉપરથી ધર્મ શબ્દ યોજાયો છે ધૃ એટલે ધારણ કરવું. માનવમાં પોતાના વિકાસના, ઉન્નતિના, આત્મકલ્યાણના જે સ્વાભાવિક ગુણો છે તેને પકડી રાખવા, ઝાલી રાખવા, વિકસાવા, તેનું નામ ધર્મ. કુટુંબમાં, જ્ઞાતિમાં, સમાજમાં, રાજ્યમાં કે વિશ્વમાં આપણો જે વિચાર કે વ્યવહાર, આપણો પોતાનો અને તે સાથે બીજાનો આત્યંતિક ઉત્કર્ષમા ફાળો આપનાર હોય તે ધર્મ છે

આ અર્થમાં જે ધાર્મિક છે તે જ પોતાનું કે બીજાનું કંઇ કે ભલું કરી શકશે· જેને ખરેખર પોતાનું કલ્યાણ પામવાની દાનત નથી, પોતાનું પરમ હિત શું છે તે સમજવા વૃતિ કે શકિત નથી તે બાહ્યોપચાર જાળવી રાખે તો પણ તેથી પરમ કલ્યાણને પામતો નથી. જો ધર્મને તેના ખરા સ્વરૂપને આપણે વળગી રહીશું તો ધર્મ આપણને અન્તિમ શ્રેય સુધી લઇ ગયા વગર રહેશે નહીં.

મુકુંદરાય વિજયશંકર


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૯
અંક
૭

વૈશાખ
સં. ૨૦૧૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનુક્રમણીકા


| | | |
|---|---|---|
| ૧ સુભાષિત | | ૮૧ |
| ૨ આત્મ પ્રભુ પ્રત્યે પ્રાર્થના | (સ્વ.) પાદરાકર | ૮૨ |
| ૩ દરિદ્રતા | | ૮૨ |
| ૪ ઉના | મુનિ વિશાલવિજયજી | ૮૩ |
| ૫ ચોથી દીપ્રા દૃષ્ટિની સજ્ઝાય | ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ | ૮૭ |
| ૬ એક જ કોથળામાં બે વસ્તુઓ ! | સાહિત્યચંદ્ર બાલચંદ હિરાચંદ | ૯૧ |
| ૭ બંદનના દ્વાર કયારે ઉઘડશે ? | મુનિ જનકવિજયજી | ૯૩ |
| ૮ શ્રી હીરાલાલ હાલચંદ દલાલનું ભાષણ | | ૯૬ |


### શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રીઆત્મારામજી ) મહારાજનો જન્મોત્સવ.

જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસરીશ્વરજી મહારાજનો એક સો પચીસમો જન્મ જયન્તી મહોત્સવ. તેઓશ્રીના જન્મસ્થાન. શ્રી લહરગ્રામ–જીરા ખાતે તા.૫–૪–૬૨ ના રોજ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.


સૌ કોઇએ વસાવવા જેવો અપૂર્વ ગ્રંથ

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડીયાના સિદ્ધ હસ્તે લખાએલ

" ધર્મ–કૌશલ્ય "

આપે ન વસાવેલ હોય તો જરૂર મંગાવો. મૂલ્ય. રૂા ૧—૭૫ ન.પૈ.

લખો–શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री आत्मानंद प्रकाश

વર્ષ ૫૯મું ] વૈશાખ તા. ૭-૫-૬૨ [ અંક ૭

## सु भा षि त

गुणैरुत्तुंगतां याति नोत्तुंगेनासनेन ना ।
प्रासादशिखरस्थोऽपि काकः किं गरुडायते ॥

માનવી ગુણોથી ઉચ્ચપણાને પામે છે, ઊંચા આસનથી નહિ. મહેલની ટોચ ઉપર બેઠેલો હોવા છતાં કાગડો શું ગરુડ બની જાય છે ?

વિવરણ — ભારતીય સંસ્કૃતિએ ભૌતિક સિદ્ધિઓને કદી જીવનનું લક્ષ્ય નથી માન્યું. અર્થને પણ એણે ધર્મને માર્ગે મોક્ષ પ્રાપ્તિના એક સાધન તરીકે જ સ્વીકારેલ છે. ભૌતિક સિદ્ધિઓના ચરમ શિખરે પહોંચેલા રાવણને તો એણે રાક્ષસ કે અસુર જ ગણ્યો છે. આપણી સંસ્કૃતિને દૈવીસંસ્કૃતિ જ સ્વીકાર્ય છે, આસુરી નહિ. માનવીનું મન કદી નિષ્ક્રિય રહેતું નથી. માનવી પોતાનાં જીવનમાં સદ્‌ગુણનો વિકાસ કરવાનો સજાગ પ્રયત્ન ન કરે તો દુર્ગુણો અને આસુરી સંપત્તિનો અડ્ડો જરૂર બની જવાનું. ઉચ્ચતમ આસન માનવ જીવનને ઊચ્ચ બનાવી શકતું નથી એટલે જ ભર્તૃહરિ કહે છે કે મહેલની ટોચ ઉપર બેઠેલો કાગડો કદિ ગરુડ બની શકતો નથી.

For Private And Personal Use Only

## સ્વરૂપાનંદાર્થે તલસતી શુદ્ધવૃત્તિની

## આત્મપ્રભુ પ્રત્યે પ્રાર્થના

મ્હારા પ્રાણજીવન પરમેશ રમેશ મહેશ છો !
સૃષ્ટા નિજ સૃષ્ટિ તણા, વ્યકિત સમષ્ટિના !
ગુણાકર ગુણાતીન. ગંભિર ગુણે ભર્યા !
આવો નિજ ઘરનાથ, અમી ભરી દૃષ્ટિના !

અંતર તાર સિતાર બજે તુજ સ્મરણના.
ધબકે અંતર તાર, પ્રભુ તુજ સૃષ્ટિના,

ભોક્તા નિજ ગુણ, ભોગી, યોગે અદભૂત હો !
રસના રટે તુંજ નામ, સાગર અમીવૃષ્ટિના !
તુજ સ્પર્શે બનું ધન્ય, ઉત્કર્ષ સ્વધર્મના !
અલખ અગોચર શ્રીધર નટવર મુક્તિના !

ધબકે દિલ ધબકાર, રગેરગ ઝંખના,
આતમના આધાર જડે કશી યુકિતના.
નિરંજન નિરાકાર, અલખ લખાયના.
નિર્મળ પ્રેમાળ ધાર, ઝંખુ જડે મુક્તિના.
ભકિત દિપક તેલ શ્રધ્ધા દિલ કોડીયે.
ટમટમ પ્રકટાવી જયોત–છતાં જોવા શક્તિના
અંતર શાન્તિ અનૂપ. જયોતિ પ્રકટાવજો,
શિરમણિ ભકિત છાપ, સદાશિવ છાપજો.

તું તો દયા ધન દેવ, છાનું તું થી કાંઈ ના !
અર્પણ માણનું જોર, મનામણાં ભકિતના !

સ્વ–પાદરાકર

## દ રિ દ્ર તા

संगं नैव हि कश्चिदस्य कुरुते.
संभाष्यते नादरात्
संप्राप्तो गृहमुत्सवेषु धनिनां
सावज्ञमालोक्यते !
दूरादेव महाजनस्य विहरत्यल्पच्छते लज्जया
मन्ये निर्धनता प्रकाममपरं षष्ठं महापातकम्.

ગરીબ માણસની કોઇ સોબત કરતું નથી, તેને કોઇ આદરથી બોલાવતું નથી. ધનિકોને ઘેર ઉત્સવ વખતે જો તે જઇ ચડે છે તો સૌ એના તરફ તિરસ્કારની નજરથી જુએ છે. પોતામાં બીજી ઘણા પ્રકારની યોગ્યતા હોવા છતાં નિર્ધનતાની લજ્જાને લીધે તે મોટા ધનિક માણસથી દૂર રહે છે. ખરેખર મને એમ જણાય છે કે જે પાંચ મહાપાતકો ગણવામાં આવેલાં છે તે બધાથી વધી જાય એવું ગરીબાઇ એ છટ્ઠું મહાપાતક છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉના

**'ઉના, પૂના અને ગઢ જૂના એ ત્રણે જૂના'** એ કહેવત અનુસાર ઉના, પૂના અને ગઢ એ ત્રણે પ્રાચીન નગરો હોવાનું જણાય છે. પ્રાચીન લેખોમાં ઉનાનો ઉન્નતનગર અથવા ઉન્નતપુરથી ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે.

પહેલાં અહીં શ્રાવકોનાં માત્ર દશેક ઘર હતાં. પણ મહુવાથી શ્રી વિજયધર્મસૂરિ મહારાજનાં સંસારી કુટુંબનાં અને અન્ય બે-ત્રણ ઘરના કુટુંબો રહેવાને આવ્યાં છે, એ પછી બીજાં ગામોમાંથી પણ અહીં રહેવાને આવ્યા. આમ અત્યારે લગભગ ત્રીશેક ઘરના જૈનોની વસ્તી છે.

શ્રી હીરવિજયસૂરિમહારાજના સમયમાં આ શહેરની ઉન્નત અવસ્થા હતી. જૈનોની વસ્તી પુષ્કળ હતી. એ સમયે અહીં પાંચ જૈન મંદિરો વિદ્યમાન હતા. મોટી સાતસો પોષધશાલા અને ઉપાશ્રયો હતા. એ ઉપરથી અહીં શ્રાવકોની વસ્તી કેટલી હશે તેનું અનુમાન નીકળે છે. શ્રી હીરવિજયસૂરિ વગેરે આચાર્યો આ નગરમાં સ્વર્ગસ્થ થતાં આ ગામ ગુરુતીર્થ તરીકે પ્રસિદ્ધિ પામેલું છે.

આજે અહીં છ જૈન મંદિરો વિદ્યમાન છે.

## ૧. શ્રી આદીશ્વર ભગવાનનું મંદિર

મૂળ ગભારામાં શ્રી આદીશ્વર ભગવાનની બદામી રંગની મનોહર મૂર્તિ છે. તેની બંને બાજુએ સવા-ફૂટની શ્વેત આરસની બે કાઉસગ્ગિયા મૂર્તિઓ છે. આ કાઉસગ્ગિયા મૂર્તિઓ બીજા પ્રદેશથી આવેલી હોય એમ જણાય છે. મૂળગભારામાં આરસની ૧૧ પ્રતિમાઓ છે.

મંદિરમાં પ્રવેશ કરતાં ડાબી બાજુ તરફની પહેલી દેરીમાં આરસની ત્રણ પ્રતિમાઓ છે. એક મૂર્તિ ગૌતમસ્વામી ગણધરની છે. તેમના મસ્તક પાછળ ઓઘો છે. એક હાથમાં નવકારવાળી અને બીજા હાથમાં મુહપત્તિ છે. નીચે લેખ નથી.

અંબિકાદેવીની બે નાની ધાતુ મૂર્તિઓ છે. એક બાળક દેવીની મૂર્તિના ખોળામાં બેઠેલું છે જ્યારે બીજું બાળક ઊભેલું જોવાય છે. આમાંની એક મૂર્તિ નીચે સં. ૧૫૨૧ નો લેખ ઉત્કીર્ણ છે.

પાસેની બીજી દેરીમાં આરસની ત્રણ મૂર્તિઓ છે. અને ધાતુની સાવ નાની ત્રણ એકલ મૂર્તિઓ છે.

ભમતીમાં ૨૫ દેરીઓ છે. દરેકમાં એકેક ભગવાનની પ્રતિમા પધરાવેલી છે. ચોવીશ દેરીમાં આ આદીશ્વર ભ૦ની નીચે આ પ્રકારે લેખ હતો એમ ઉપા૦ શ્રી સમયસુંદર રચિત 'સામાચારીશતક'માં ઉલ્લેખ કરેલો છે.

**एवमेव श्री द्वीपासन्न श्रीउनानगरे भूमि-गृहान्तर्वर्ति प्रतिमा प्रशस्तावपि लिखितमस्ति। यथा नवाङ्गवृत्तिकार अभयदेवसूरि संतानीयै: श्री धर्मघोषसूरिभि: प्रतिष्ठितम् ॥**

પરંતુ આ મૂર્તિનો અહીં પત્તો નથી. આરસની ૨૪ મૂર્તિઓ છે જ્યારે પચીશમી એક દેરીમાં ધાતુની પ્રતિમા બિરાજમાન છે.

મંદિરની નીચે ભોંયરું છે, ભોંયરામાં શ્રી અમીઝરા પાર્શ્વનાથની બદામી રંગની મનોહર મૂર્તિ બિરાજમાન છે. આ મૂર્તિમાંથી વખતોવખત અમી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝરતું રહેતું હોવાથી તેને લોકો ' અમીઝરા ' નામથી ઓળખે છે.

અહીં ભોંયરામાં એક સફેદ મૂછવાળો મોટો વૃદ્ધ સાપ રહે છે. કોઇ કોઈ વખત ભગવાનની મૂર્તિ ઉપર ફેણથી છત્ર કરીને ઉભેલો પણ જોવામાં આવે છે. આ સર્પ કોઈના ઉપર ધસારો કરતો નથી. ભોયરામાં અત્યંત શાંતિ અને એકાંત છે.

આ ભોંયરાની પાછળ એક બીજું ભોંયરું પણ છે. તેમાં બહુ મોટી શ્રી આદીશ્વર ભગવંતની મૂર્તિ પાંચ ફૂટ ઊંચી છે. ઉપર મૂળનાયક આદીશ્વર ભગવંત છે. તે અને ભોંયરામાં તેમની ડાબી બાજુએ આદીશ્વર ભગવંત છે. બીજી તરફ શ્રી નેમનાથ ભગવાનની મૂર્તિ છે. તે મૂર્તિઓ જીર્ણ થઈ જવાથી સં. ૧૯૫૭ માં લેપ કરાવવામાં આવ્યો છે. આ ત્રણે મૂર્તિઓ બદામી રંગની છે.

અગાઉ આ ભોયરું બહુ નાનું હતું. તેનું બારણું બારી જેવડું નાનું હતું. પૂજારી મહા મુશ્કેલીથી અંદર જઇને પૂજા કરી આવતો. બીજું કોઈ અંદર જઈ શકતું નહોતું. આથી સં. ૧૯૫૮માં રંગમંડપ અને પક્ષાસનનું કામ શરૂ કરાવવામાં આવેલું ત્યારે આ ભોંયરું પણ સુધારવામાં આવ્યું. હવે તેમાં સૌ કોઈ સરળતાથી જઈ શકે છે.

આ મંદિર કોણે ક્યારે બંધાવ્યું એ સંબંધી કોઈ ઉલ્લેખ મળતો નથી.

## ૨. શ્રી સંભવનાથ ભગવંતનું મંદિર

મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની આરસની મનોહર મૂર્તિ પંચતીર્થી સહિત છે. તેનું પરિકર ખૂબ નકશીવાળું અને ભવ્ય છે. નીચેની ગાદી પણ શિલ્પયુક્ત છે. ગાદીમાં વચ્ચે દેવી છે. તે પછી હાથી, સિંહ, દેવી એ પ્રકારે બંને બાજુએ શિલ્પકળા ભર્યા આલેખનો છે. તેની નીચે ધર્મચક્રની આકૃતિ કોતરેલી છે. ચક્રની બંને તરફ એકેક હરણનો દેખાવ આપ્યો છે. આ ગાદી પ્રાચીન જણાય છે. જ્યારે મૂળ નાયકની પલાંઠી નીચે લેખ છે તેમાં સં. ૧૬૬૫ના જેઠ શુદિ ૧૧ ને શનિવારે દીવના રહેવાસી ઓસવાલ જ્ઞાતીય પારેખ મેઘજીનાં ધર્મપત્ની લાડકીબાઈએ આ બિંબ ભરાવ્યું એમ જણાવ્યું છે. આ પ્રતિમાની પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસૂરિ મહારાજે કરેલી છે.

આ ગભારામાં મૂળનાયક સિવાય આરસની ૧૦ પ્રતિમાઓ છે સિવાય, ધાતુની પંચતીર્થી ૮, ધાતુની એકલમૂર્તિ ૪ અને એક ધાતુની ગૌતમસ્વામીની મૂર્તિ છે. શ્યામવર્ણની એક કાઉસગ્ગિયા પ્રતિમા છે. મૂર્તિઓ નીચે કોઇ લેખ જોવામાં આવતો નથી.

સં.૧૯૫૮ના ચૈત્ર શુદિ ૫ના દિવસે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો એ સંબંધી એક તખ્તી અહીં ભીંતમાં જડેલી છે.

આ મંદિર ત્રણ ગભારાવાળું છે ને મનોહર લાગે છે. મોટી પ્રતિમાઓ આહ્લાદક છે.

અગાઉ આ દેરાસર કુંભારવાડામાં હતું એમ આ સ્થળના શ્રાવકો કહે છે. આજે તો અહીં કુંભારવાડામાં મકાનો બંધાઈ ગયાં છે. જે વખતે શ્રી આદીશ્વર ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો તે વખતે આ મંદિરને કુંભારવાડામાંથી વધાવી લઈ સં. ૧૯૫૯ ના વૈશાખ સુદિ ૧૨ ના રોજ અહીં પ્રતિષ્ઠા કરવામાં આવી.

જ્યારે કુંભારવાડામાં આ મંદિર હતું ત્યારે ૬૨ પ્રતિમાઓ હતી, એક ચોવીશીનો પટ્ટ અને એક અષ્ટમાંગલિકની પાટલી હતી, વળી ગામના કોટની અંદર ખોદકામ કરવામાં આવ્યું ત્યારે ૧૮ પ્રતિમાઓ નીકળી આવી હતી. આ બધીયે મળીને ૮૦ પ્રતિમાઓની આ મંદિરમાં પ્રતિષ્ઠા કરવાનો શ્રી સંઘનો ઇરાદો હતો પરંતુ જૈન વસ્તી ઓછી હોવાથી મૂર્તિઓનો પરિવાર વધારવો ઠીક નથી એમ સમજીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીસંઘે અહીં ૧૩ પ્રતિમાઓ તેમજ એક કાઉસગ્ગિયા પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી, બાકીનાં બિંબો ભાવનગર, પાલીતાણા, મુંબઈ વગેરે સ્થળે આપી દેવામાં આવ્યાં.

## ૩. શ્રી સંભવનાથનું બીજું મંદિર

મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન તથા શ્રી શાંતિનાથ ભગવાનનાં બે દેરાસરો હતાં તે બંનેની વચ્ચે ખાલી જગ્યા હોવાથી શ્રીસંઘે એક નાનું દેરાસર બંધાવીને મૂળનાયક શ્રી સંભવનાથ ભ. ની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી છે.

## ૪. શાંતિનાથ ભગવાનનું મંદિર

મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની આરસની મૂર્તિ પંચતીર્થી સહિત છે. તેનું પરિકર નકશીવાળું છે. પરિકરના કાઉસગ્ગિયા નીચે લખેલ છે.

મૂળનાયકની જમણી બાજુએ શ્રી અજિતનાથ ભગવાન અને ડાબી બાજુએ શ્રી મહાવીર પ્રભુની મૂર્તિઓ છે. શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા ઉનાના રહેવાસી દોશી કીકા વીરજીએ ભરાવીને સં. ૧૬૬૫માં તેની પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસૂરિ હસ્તક કરાવી છે.

મૂળનાયક સિવાય આરસની ૪ પ્રતિમાઓ છે અને ધાતુની ૩ મૂર્તિઓ છે.

ભમતીમાં ૨૩ દેરીઓ છે, તેમાં એક દેરી ખાલી છે, અને બે દેરીમાં એકેક ધાતુમૂર્તિ છે. આઠ દેરીઓમાં આરસની એકેક પ્રતિમા છે અને બાર દેરીઓમાં આરસની એકલતીર્થી અને પંચતીર્થી વગેરે મૂર્તિઓ છે.

સભામંડપમાં આરસનું ચૌમુખી સમવસરણ છે. આનું શિલ્પ પ્રાચીન જણાય છે પણ તેના ઉપર લેખ જોવામાં આવતો નથી.

'જૈન તીર્થોનો ઇતિહાસ' નામક પુસ્તકમાં આ દેરાસરનું નામ આપ્યું નથી, પરંતુ તેની અંદર રહેલ શ્રી સંભવનાથ ભગવાનના મંદિરનો ઉલ્લેખ કર્યો છે.

## ૫. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર

મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ શ્યામવર્ણની છે ને બહુ પ્રાચીન હોય એમ જણાય છે. જ્યારે આ પ્રતિમાનું પ્રક્ષાલન કરવામાં આવે છે ત્યારે અને રાત્રે રોશનીના વખતે પ્રતિમાના દરેક ભાગમાં કોઈ એવી તેજસ્વિતા ચમકી ઊઠે છે કે, પ્રતિમા રત્નપાષાણ મિશ્રિત હોય એવો ભાસ થાય છે.

મૂળનાયકની બંને બાજુની પ્રતિમાઓ પાલીતાણાના બાબુ માધવલાલજીના દેરાસરમાં છે.

આ દેરાસરમાં ગૌતમસ્વામી ગણધરની બે આરસ પ્રતિમાઓ છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૬૫૮માં શ્રી વિજયસેનસૂરિ મહારાજે કરી હતી.

૧. પાલીતાણાના આ દેરાસરમાં મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની મૂર્તિ શ્યામવર્ણની છે. અને તેમની પડખેની બંને શ્યામવર્ણના જે મૂર્તિઓ છે તે આ ઉનાના પાંચમા દેરાસરમાંથી લાવીને પધરાવેલ છે.

મૂળગભારાની બહાર રંગમંડપમાં જમણી તેમજ ડાબી બાજુની ભીંતમાં એકેક ગોખલો છે. ડાબી બાજુના ગોખલામાં શેઠ–શેઠાણીની મૂર્તિઓ હાથજોડીને ઊભી છે. આ મૂર્તિ દેરાસર બંધાવનારની હશે એવું અનુમાન છે.

એ જ રીતે જમણી તરફના ગોખલામાં પણ એક શેઠ–શેઠાણીની મૂર્તિ હાથ જોડીને ઊભેલી છે એમણે પણ આ દેરાસરનો કોઈ ભાગ અથવા જીર્ણોદ્ધાર વગેરે કાર્ય કર્યાના સ્મરણમાં મૂકેલી હશે એમ લાગે છે.

## ૬. શ્રી નેમિનાથ ભગવાનનું મંદિર

મંદિરમાં મૂળનાયક શ્રીનેમિનાથ ભગવાનની મૂર્તિ બીરાજમાન છે. મૂળનાયક સાથે આરસની ૨૪ પ્રતિમાઓ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરાંત અહીં એક અંબિકાવીદેની સુંદર મૂર્તિ છે. એક બાળક ખોળામાં છે અને બીજું તે દેવીની પાસે ઊભેલું છે. મૂર્તિ પાસે આમ્રલુંબ પણ બતાવી છે.

અહીં એક પગલાં જોડી છે પણ તે કોનાં હશે તે સંબંધે કંઇ જ જાણવામાં આવતું નથી.

શ્રી નેમિનાથ ભ૦ તથા શ્રી પાર્શ્વનાથ ભ૦ની પ્રતિષ્ઠા સં. ૧૯૨૪ના વૈશાખ સુદિ ૭ ના રોજ કરવામાં આવી છે.

અગાઉ આ બંને દેરાસરો જુદા જુદા લત્તામાં હશે એમ જણાય છે.

આ દેરાસરમાંથી કેટલીક પ્રતિમાઓ અન્ય સ્થળે મોકલવામાં આવી છે. દીવ, ઉના દેલવાડામાંથી ૪૦ આરસ પ્રતિમાઓ મુંબઈના ગોડીજીના મંદિરમાં, ૩૨ આરસ પ્રતિમાઓ ભાવનગરના દાદા સાહેબના દેરાસરમાં અને ૨ મૂર્તિઓ ભાવનગરના ગોડીજીના મંદિરમાં આપવામાં આવી છે. ૩ પ્રતિમાઓ જામનગર તાબાના લાલપુરમાં આપી છે. એ સિવાય ધાતુની લગભગ ૧૦૦૦ પ્રતિમાઓ જુદા જુદા ઘણા સ્થળે મોકલી દેવામાં આવી છે. તેમાં યે ખાસ કરીને કદંબગિરિમાં ઘણી મૂર્તિઓ અહીંથી ગયેલી છે.

સં. ૧૪૮૩માં રચાયેલ એક સ્તવન ( વિજ્ઞપ્તિ ત્રિવેણી, પરિશિષ્ટ બીજી )માં ઉનામાં શ્રી શાંતિનાથ ભ. નું મંદિર હોવાનું આ પ્રકારે જણાવ્યું છે.

**ઉનઇ –એ પુરવરિ સંતિ.**

વિજય તિલકસૂરિકૃત ' ચૈત્ય પરિપાટી ' કડીઃ ૪માં ઉનામાં શ્રી આદીશ્વર ભ. નું મંદિર હોવાનું આ પ્રકારે જણાવ્યું છે.

**" ઉનાગઢિ મરૂદેવી તણઉ. "**

ચૌદમાં સૈકામાં શ્રીવિનયપ્રભ ઉપાધ્યાયે રચેલી ' તીર્થમાળા 'માં ઉનામાં શ્રી મહાવીરસ્વામીનું મંદિર હોવાનો આ પ્રકારે ઉલ્લેખ મળે છે.

**" વીરુ ઉણેવિ "**

અઢારમા સૈકામાં સૌભાગ્યવિજયજીએ રચેલી ' તીર્થમાલા 'માં ત્રણ સૂરિવર્યોના સ્તૂપ હોવાનો ઉલ્લેખ આ પ્રકારે કર્યો છે.

**" ઉનામેં પગલાં ભલા છે ઉજલા રે,**
**ગુણનાયક થૂભ તીન. "**

ઉપા૦ શ્રી મેઘવિજયજી મ૦ અઢારમાં સૈકામાં રચેલી ' પાર્શ્વનાથ નામામાળા 'માં ઉનામેં અમીઝરા પાર્શ્વનાથ ભ૦ની મૂર્તિ હોવાનું આ પ્રકારે જણાવ્યું છે.

**" ભવવંત ધ્યાઉ પાસ વલેજઉ**
**અમીઝરો ઉનઇ વડલેજઉ."**
**" અમીઝરો મનરૂ બી. "**

પ્રા. તી. પૃ. ૧૦૨ કડી ૫૯

શ્રી મેરુકીર્તિએ ' શાશ્વત તીર્થમાળા ' લખી છે તેમાં શાશ્વત તીર્થો પૈકી ઉના અને દીવનો પણ આ પ્રકારે ઉલ્લેખ કર્યો છે.

**" ઉનઈ દીવ પ્રસિદ્ધી "**

*

આ તીર્થમાં શ્રી રાજસાગર શિષ્ય રવિસાગરજી મહારાજે સં. ૧૭૫૭માં મૌન એકાદશીની કથા રચી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચોથી દીપ્રા દૃષ્ટિની સઝાય

ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઇ

(૧) યોગ દૃષ્ટિ ચોથી કહીજી
દીપ્રા તીહાં ન ઉત્થાન,
પ્રાણાયામ તે ભાવથીજી
દીપ પ્રભા સમ જ્ઞાન;

**મનમોહન જીનજી મીઠી તાહરી વાણુ–**

**ભાવાર્થ:-**

આ દૃષ્ટિને સમ્યક્‌સાધક વા સમ્યકત્વ સમીયા દૃષ્ટિ કહે છે. કારણુ કે આ દૃષ્ટિમાં આવનાર જીવાત્મા અંતરમુહૂર્તમાં જ સમકિતને પામે છે. સાધનોનો પૂર્ણ ઉપાસક બનીને સાધ્યની નજદીક આવે છે. જો પરમાર્થ માર્ગ પામવાની તીવ્ર જીજ્ઞાસાપૂર્વક નિષ્કામપણે સદ્‌ગુરૂની આજ્ઞાથી, સત સાધનો પણુ સેવવામાં આવે તો પરમ કલ્યાણુની પ્રાપ્તિ થાય છે; પરંતુ તેજ સાધનો જો અસદ્‌ગુરૂની આજ્ઞાપૂર્વક બાહ્ય ભાવે સ્વચ્છંદપૂર્વક લોકરંજનતાપૂર્વક અને અજ્ઞાનપણે સેવવામાં આવે તો અનંત સંસારની વૃદ્ધિ થાય છે.

શ્રી આચારાંગ સૂત્રમાં "આ સવા સો પરિસવા અ પરિસવા એ આસવા" જે આશ્રવના કારણો છે તેજ પરિસવા એટલે કર્મબંધનથી મુક્ત થવાના કારણો છે અને જે કર્મબંધનથી મુક્ત થવાના સાધનો છે તે જ કર્મબંધનના કારણો છે. આથી એમ સિદ્ધ થાય છે કે કર્મબંધન કે કર્મની મુક્તિ એ બહારના નિમિત કારણોમાં નથી પણ તે કારણોનું પરિણમન કરનાર આત્મામાં જ છે. આત્માર્થી જીવે બાહ્ય નિમિતોમાં પ્રતિબંધ તથા કદાગ્રહને છોડીને જે સાધનથી પોતાનું શ્રેય થતું હોય તેજ સાધનોનું સદ્‌ગુરૂની આજ્ઞાપૂર્વક, મનની શુદ્ધિ તથા સ્થીરતાપૂર્વક, બીજા સાધનો તરફ અરૂચીપણું ન રાખતાં, મધ્યસ્થ ભાવ રાખીને સેવન કરવાથીજ સાધ્યની પ્રાપ્તિ થાય છે.

આ ચોથી દૃષ્ટિમાં દીપકના પ્રકાશ જેવો અંતરબોધ થાય છે. આ દૃષ્ટિમાં રહેલો જીવાત્મા યોગની વિશેષ સ્થીરતાથી અને વિશેષ શુદ્ધિથી સાધ્યની નજીક આવેલ હોવાથી, સદ્‌સાધનોનું સેવન એકાગ્રતાપૂર્વક કરતો હોવાથી બીજી કોઈ પણ પ્રવૃત્તિ કે ક્રિયા તરફ વૃત્તિનું ઉત્થાન થતું નથી. એટલે વૃત્તિ દોરાતી નથી. કારણુ કે મન અને પવનનો વિશેષ સંયમી બને છે.

યોગશાસ્ત્રમાં દર્શાવે છે કે જે પુરૂષ પવનનો જય કરવા શક્તિમાન થાય છે તે વૃત્તિ અને મનનો જય સુગમતાથી કરી શકે છે.

પવનની વ્યાખ્યા:—

(૧) સમાન—નાભિ અને હૃદય વચ્ચેનો વાયુ.

(૨) ઉદાન—હૃદય અને મસ્તક વચ્ચેનો વાયુ.

(૩) વ્યાન—સમગ્ર ત્વચામાં પ્રસરતો વાયુ.

(૪) અપાન—અંગના અનેક વિભાગોમાં પ્રસરતો વાયુ.

(૫) પ્રાણાયામ—શ્વાસોશ્વાસનો વાયુ.

નેતી કર્મ, નોલી કર્મ, તથા ધોતી કર્મ વિગેરે યોગની અનેક બાહ્ય ક્રિયાઓથી શરીરમાં વ્યાપી રહેલાં રોગાદિના અશુચિ પુદ્‌ગલો અને અશુચિ હવાને દૂર કરીને યોગાભ્યાસી મનુષ્ય પ્રથમ શરીરની શુદ્ધિ કરે છે, તે પછી યમ–નિયમાદિ સદાચારોથી તથા યોગાસનોથી કાયાને સ્થીર કરે છે. અને તે પછી પ્રાણાયામાદિ સાધનોથી એટલે રેચક–પૂરક અને કુંભક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરેના પ્રયોગોથી શ્વાસનું રૂંધન કરીને તેને બ્રહ્મરંધ્રમાં ચડાવીને જગતની બાહ્ય ઉપાધિ તથા કલ્પનાઓથી નિવૃત થઇને અંતરમાં સ્થીર પરિણામી થઇને આત્મસ્વરૂપનું ચિંતવન કરવા સુવિચાર શ્રેણી (વિવેક દષ્ટિ) ને પ્રગટ કરે છે તેને પ્રાણાયામની ભાવસિદ્ધિ કહે છે, જેમ ક્ષપક શ્રેણી પ્રગટ થયા પછી અંતરમુક્તીનાં કેવળજ્ઞાન થાય છે તેમ આત્માર્થી જીવને સુવિચાર શ્રેણી પ્રગટ થયા પછી અંતરમુક્તીનાં જ સમ્યક્ત્વ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પ્રાણાયામની ભાવશુદ્ધિ એ સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થવામાં શ્રેષ્ટ સાધન છે અને તે સમાન વિગેરે પાંચ પ્રકારના પવનનો સહજ ભાવે (હઠભાવે નહીં) જય કરવાથી પ્રાણાયામની શુદ્ધિ થાય છે. આવો અપૂર્વ બોધ કરનાર એવા હે મનમોહન જીનેશ્વર—તારી અપૂર્વ વાણી મીઠી, મનોહર છે અને જીજ્ઞાસુ આત્માને પરમ હિતકારી છે—

(૨) બાહ્ય ભાવ રેચક ઈહાંજી,
પૂરક અંતર ભાવ,
કુંભક થિરતા ગુણે કરીજી,
પ્રાણાયામ સ્વભાવ
મનમોહન જીનજી

ભાવાર્થ:- જેમ દ્રવ્ય પ્રાણાયામમાં શ્વાસનો નિરોધ કરીને દોષિત હવા તથા શારીરિક મલનો ત્યાગ કરે તે રેચક, સ્વચ્છ હવા અને શારીરિક શુદ્ધિ મેળવે તે પૂરક, અને શરીર તથા મનની સ્થીરતારૂપ ગુણનું સંરક્ષણ કરે તે કુંભક, એ પ્રમાણે દ્રવ્ય પ્રાણાયામ થાય છે, તેમ બહિરાત્મભાવ તથા અંતરની મલીન વાસનાઓનો ત્યાગ કરે તે રેચક, અંતરવૃતિઓ અને મનનો સંયમ કરીને સદ્દગુણોથી આત્માને સુવાસિત બનાવે તે પૂરક, અને પ્રાપ્ત થયેલા આત્મિક ગુણોને, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, શ્રદ્ધા, તથા સદ્દબોધથી ટકાવી રાખે, સ્થિર રાખે, તે કુંભક જેને ભાવ પ્રાણાયામ કહે છે.

(૩) ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી,
છાંડે પણ નહિ ધર્મ;
પ્રાણ અર્થે સંકટ પડેજી,
જુઓ એ દષ્ટિનો મર્મ—
મનમોહન જીનજી—

ભાવાર્થ:—જેને પરમાર્થ માર્ગનું સાચું રહસ્ય સમજાયું છે તેને "દેહ પાતયામિ વા કાર્યં સાધયામિ" દેહ પડે તો ભલે પડે પણ આત્મહિત સાધવાનું કાર્ય અવશ્ય કરવું જ છે એવો દઢ નિશ્ચિય થયો હોય છે તે અર્થાત્ પ્રાણાંત કષ્ટ પડે તોપણ ધર્મના—આત્મહિતના રક્ષણ માટે સર્વ કષ્ટો, દુઃખો કે સંકટો સહન કરવાને તત્પર થશે. જરા પણ ચલીત કે ભયભીત થશે નહીં. આ દષ્ટિમાં ધર્મ પ્રત્યેની આવી અસીમ પ્રીતિ, અડગતા અને શ્રદ્ધા રોમે રોમ વ્યાપ્ત હોય છે.

(૪) તત્વ શ્રવણ મધુરોદકેજી,
ઇહાં હોયે બીજ પ્રરોહ;
ખાર ઉદકસમ ભવત્યજેજી,
ગુરૂ ભક્તિ અદ્રોહ—
મનમોહન

ભાવાર્થ:—આ દષ્ટિમાં વર્તનાર જીવાત્માને શ્રી સદગુરૂના સદ્દબોધનું તત્વશ્રવણરૂપી અમૃતનું સિંચન થવાથી ખારા જલરૂપ મિથ્યાત્વ ઉત્પન્ન થયેલ, ભવાનંદીપણાનો ત્યાગ કરીને સમ્યક્ત્વજ્ઞાનરૂપ બીજાંકુર પ્રગટ થવાની તૈયારી થાય છે. અર્થાત્ સમ્યકત્વ પ્રાપ્ત કરવાને પૂર્ણ અધિકારી બને છે.

(૫) સૂક્ષ્મ બોધ તોપણ ઇહાજી,
સમકિત વિણ નવિ હોય;
વેદ્ય સંવેદ્યપદે કહ્યોજી,
તે ન અવેધે જાય.
મનમોહન.

ભાવાર્થ:—આ દષ્ટિમાં ગ્રંથીભેદ થવાની તૈયારી હોવાથી જો કે સમ્યક્જ્ઞાનનો સ્વભાવ પ્રગટ થતો નથી, તોપણ તેનો આભાસ થાય છે કારણ કે મિત્રાદિ આ ચાર દષ્ટિમાં સ્વસ્વરૂપનું સંવેદનપણું ન હોવાથી અહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂક્ષ્મબોધનું વેદન થતું નથી. પણ અવેદ્ય પદ એટલે સ્વાનુભવના વેધીનો અભાવ વા મિથ્યાત્વદશા વર્તે છે તથાપિ અનંતાનુબંધી કષાયનો ઉપશમ થવાથી અને મિથ્યાત્વ મોહનીયનો રસ અતિમંદ થઈ જવાથી મિથ્યાત્વની નિબિડ ગ્રંથી, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, શ્રદ્ધા, અને સદ્બોધશ્રવણથી ઘણી જ શિથીલ થઇ જવાથી ગ્રંથીભેદની તૈયારી થાય છે. આત્માની જાગૃતિ અને શુદ્ધી થવાથી અપૂર્વકરણની નજીક આવીને ઉભો રહેલ હોવાથી વેધ સંવેધ બને છે એટલે સ્વસ્વરૂપ, સમ્યગ્જ્ઞાન પામવાનો અધિકારી બને છે.

(૬) વેદ્ય બંધ શિવ હેતુ છે જી
સંવેદન તસ નાણ;
નય નિક્ષેપે અતિ ભલુંજી,
વેદ્ય સવેદ્ય પ્રમાણ.

મનમોહન.

ભાવાર્થ:-વેદ્યપદ એટલે સ્વસ્વરૂપનું સ્વાનુભવનું સ્થાન. તેની નજીક આવવાથી આત્માના વીર્યબળનું પ્રબળપણે સ્ફુરણ થવાથી અંતરમાં ત્યાગ વૈરાગ્યાદિની પ્રબલ ભાવનાઓ જાગૃત થવાથી શુભ રસનો સંગ્રહ થઇને જે પુણ્યબંધ થાય છે તે પણ નિષ્કામ પુણ્ય હોવાથી મોક્ષમાર્ગ સન્મુખ લઇ જવાને સાધનભૂત થાય છે. જેથી કારણ ઉપર કાર્યનો ઉપચાર કરવાના ઉપચારિત નયની અપેક્ષાએ વેદ્યપદના અધિકારીને સંવેદ્યપદ એટલે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થવાની ને મુમુક્ષુ આત્મા નૈગમાદિ સાતે નય, નામાદિ ચાર નિક્ષેપા, સાત ભંગી, આદિ સાત પ્રમાણોથી તથા ગમા એટલે ગેમ ખબર વા સ્વાનુભવનું સંવેદન કરવાથી આત્મા પોતાના સ્વરૂપનો સ્વાનુભવ તથા પ્રતીતિ કરે છે અને તેજ પ્રતીતિને જ્ઞાની પુરૂષો પ્રમાણભૂત માને છે—

(૭) તે પદ ગ્રંથી વિભેદથીજી,
છેહલી થાય પ્રવૃત્તિ;
તસ મોહપદ ધૃતિ સમીજી
તિહાં હોય અંત નિવૃત્તિ.

મનમોહન

ભાવાર્થ:- સ્વાનુભવ સ્વરૂપને વેદવાનું જે વેદ્ય સંવેદ્યપદ છે તે મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમથી અને અનંતાનુબંધી કષાયના ઉપશમથી ગ્રંથી ભેદ થાય ત્યારે જ તે પદની પ્રાપ્તિ થાય છે. સતને અસત માનવું અને અસતને સત માનીને પરપુદ્ગલમાં તદાસક્ત થઈ જવું એજ મિથ્યાત્વ વા કર્મની નિબિડ ગાંઠ છે તેનો નાશ કરવો તેને જ ગ્રંથી ભેદ કહે છે.

યથા પ્રવૃત્તિ કરણમાંથી નીકળીને સન્માર્ગ પામવાની સાચી જીજ્ઞાસા થવાથી સત્પુરૂષને શોધીને અંતરદૃષ્ટિથી વાસ્તવિક રીતે તેને ઓળખીને અનન્ય ભક્તિ અને અડગ શ્રદ્ધાથી તેની ઉપાસના કરવાથી તેનો સદ્બોધ અને સદ્કૃપારૂપી તીક્ષ્ણ કુહાડીની ધારથી મિથ્યાત્વની ગ્રંથી છેદતાં એટલે મિથ્યાત્વની મંદતા થતાં આત્મ જાગૃતિ થાય, માર્ગાનુસારી દશા પ્રગટ થાય અને અંતર ત્યાગ–વૈરાગ્યાદિ, આંતરિક ગુણોથી આત્મા જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ મિથ્યાત્વની મંદતા વિશેષ થતી જાય. આ પ્રમાણે આગળ વધતાં વધતાં આત્મા તથા પુદ્ગલના વાસ્તવિક ધર્મોને સમજવારૂપ સુવિચાર શ્રેણી (વિવેક શક્તિ) પ્રગટ થવાથી પુદ્ગલના યથાર્થ સ્વરૂપને સમજીને તેનાથી પર (વિરક્ત) થઇને મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ થવાથી મિથ્યાત્વની ગ્રંથીને ભેદીને આત્માનો સાક્ષાત્કાર થાય તેને જ ગ્રંથીભેદ વેદ્ય સંવેદ્યપદ કે સમ્યગ્જ્ઞાન કહે છે.

આવું અપૂર્વ સમ્યગ્જ્ઞાન થવાથી છેલ્લી પાપવૃતિ એટલે પર પુદ્ગલમાં પોતાપણાની માન્યતા, રમણતા તથા આસક્તિ તેજ આત્મઘાતક થાય છે તે પાપને અગ્નિથી તપેલા લોઢા ઉપર પગ મુકીને આનંદથી ચાલવા જેટલી ધીરજ રાખીને મોહનીય કર્મનું સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામે આત્માય યોગપૂર્વક વેદન કરવાથી તથા ધીરજ, દઢતા અને સહિષ્ણુતાથી પૂર્વ પ્રારબ્ધોદય કર્મ વિપાકને વેદવાથી તે પાપ પ્રવૃત્તિનો નાશ કરીને એટલે મિથ્યાત્વથી મુક્ત થઇને પરમ તત્વની પ્રાપ્તિ કરે છે—

(૮) એહથકી વિપરીત છે જી,
પદ તે અવેદ્ય સંવેદ્ય;
ભવાભિનંદી જીવને જી;
તે હોય વજ્ર અભેદ્ય.

**મનમોહન.**

ભાવાર્થ:– ઉપરની ગાથામાં જણાવ્યા પ્રમાણે જે સ્વસ્વરૂપના વેદનથી વિપરીત દશા છે તેને અવેદ્ય (નહિ વેદવા યોગ્ય) મિથ્યાત્વ કહે છે. જે જીવાત્મા સન્માર્ગની સાચી જીજ્ઞાસા વિના ગચ્છ–મત–કદાગ્રહની કલ્પનાઓમાં જ અજ્ઞાન અને સ્વચ્છંદતાથી ધર્મ માની, સન્માર્ગથી વિમુખ રહીને બહિરાત્મભાવ તથા દેહાધ્યાસથી પરપુદ્‌ગલમાં તદાસક્ત થઇને મિથ્યાત્વની ગ્રંથીને દિન પ્રતિદિન ગાઢ, નિબીડ બનાવે છે તે જ જીવભવાનંદી બને છે અર્થાત્ ભવ પરિભ્રમણ કરે છે.

(૯) લોભી, કૃપણ દયામણોજી,
માયી મચ્છર ઠાણ;
ભવાભિનંદી ભય ભર્યેજી,
અફલ આરંભ અયાણ

**મનમોહન.**

જે જીવમાં નીચે જણાવેલા આઠ દોષ હોય તેને ભવાભિનંદી જીવ કહે છે.

(૧) લોભી ઇચ્છા–તૃષ્ણા અને પર પદાર્થોમાં વ્યામોહિત.

(૨) કૃપણ–પરનું ભલું નહિ ચિંતવતાં, પોતાનોજ સ્વાર્થ સાધનાર અને તુચ્છ સ્વભાવને ધારણ કરનાર.

(૩) દયામણો–સર્વનું અહિત કરનાર, બીજાને દુ:ખ થાય, ગ્લાનિ થાય અને કંપારી છૂટે તેવાં અકૃત્ય કરનાર.

(૪) માયી–સ્વાર્થ, પ્રપંચ અને નિર્દયતાથી બીજાને છેતરનાર અધર્મ અને દંભનું સેવન કરનાર.

(૫) મચ્છરી–ઇર્ષ્યા, અસહિષ્ણુતા અને અજ્ઞાનતાથી સન્માર્ગ તરફ દ્વેષ રાખનાર, બીજાનું સુખ જોઇને બળી જનાર અને બીજાનું દુ:ખ જોઇને રાજી થનાર.

(૬) ભયકારી– બીજાને ત્રાસ આપનાર, ભય ઉપજાવનાર અને ઉદ્વેગ કરાવનાર.

(૭) અજ્ઞાની– સન્માર્ગથી વિમુખ રહેનાર.

(૮) ભવાનંદી– પરપુદ્‌ગલમાં આસક્ત થનાર તથા સંસારવૃદ્ધિના કાર્યો કરનાર.

આ ભવાભિનંદી વા પુદ્‌ગલાનંદી જીવ, સ્વચ્છંદ, મતાગ્રહ તથા અજ્ઞાનતાથી ગમે તેટલા શુભ કાર્યો કરે, યમ નિયમાદિ શુભ અનુષ્ઠાનો કરે તથાપિ ઓછી સંજ્ઞા તથા લોકસંજ્ઞાથી ધર્મના નામે થતી સર્વ પ્રવૃત્તિઓ નિષ્ફળ છે. સંસાર પરિણામી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકજ કોથળીમાં બે વસ્તુઓ!

( લેખક : સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ )

કોઇ બાલકના કપડા મેલા થએલા હોય, તેના અંગ ઉપર ખૂબ મેલ ચોંટેલો હોય તેવી અવસ્થામાં તે બાલકની માતા પણ તેને પાસે આવવા દેતી નથી. તેનું અંગ જ્યારે ધોઇ સાફ કરી લુંછી કાઢે છે ત્યારે જ તે એ બાલકને નજીકમાં આવવા દે છે. એકાદ વાસણમાં ચીકણો અને ગંદો પદાર્થ ભરેલો હોય ત્યારે એ બહાર કાઢી, વાસણ ધોઈ સાફ કરી પછી જ તેમાં દૂધ જેવો પદાર્થ આપણે ભરીએ છીએ. થેલીમાં રાખ ભરેલી હોય અને એ જ થેલીમાં કેશર, કસ્તુરી જેવા સુગંધી પદાર્થો ભરવા હોય ત્યારે એ થેલી ખાલી કરી સાફ કરીએ ત્યારે જ તેમાં સુગંધી પદાર્થો ભરી શકીએ. અન્યથા નહીં.

એકાદ માણસ ક્રોધથી ધમધમતો હોય, એની આંખ લાલ થએલી હોય, એનું અંગ ધ્રુજતું હોય એવે સમયે આપણે એને કોઇ ઝીણી જ્ઞાનની વાત સમજાવવાનો પ્રયત્ન પણ ન કરીએ. એવા સમયે એનો ક્રોધ કેમ શાંત થાય, એનું ભાન શી રીતે ઠેકાણે આવે એનો જ પ્રયત્ન જ આપણે કરીએ. અને એ સમય જતો કરી યોગ્ય સમય પાકે ત્યારે જ આપણે એની સાથે બીજી વાત કરીએ. એવી જ રીતે કોઇનું સ્વજન મૃત્યું પામ્યું હોય, એ માણસ શોકાકુલ અવસ્થામાં હોય, એને ખાનપાન પણ સુઝતું ન હોય એવા પ્રસંગે એની સાથે કોઇ શાંતિથી વિચાર કરવા જેવી વાત કરે નહીં તેમજ કોઇ લોભી માણસ આગળ દાનપુણ્ય જેવી વાત કરી તેને ત્યાગનો બોધ આપીએ ત્યારે તેની ગતિ શું થાય? તેમજ કામાતુર થઇ ગલીકુંચીઓ શોધી વિવેકભ્રષ્ટ થઇ પશુવૃત્તિ ધારણ કરી આથડતો હોય તેની પાસે સંયમ, ત્યાગ અગર તપાચરણનો ઉપદેશ કરવાથી શો લાભ?

અમારો કહેવાનો હેતુ એ છે કે દેશ, કાલ અને પાત્રનો વિચાર કરી પછી જ ધર્મોપદેશ આપી શકાય. સમય અને પરિસ્થિતિનો વિચાર કર્યા વગર સારી વસ્તુ પણ નિરૂપયોગી તો શું પણ ઊલટી નુકસાનકારક નિવડવાનો સંભવ છે. તેને જ્ઞાન આપવું હોય તે માણુસ એ જ્ઞાન ગ્રહણ કરવાને લાયક છે કે નહીં? એ જ્ઞાન જીરવવાની એમાં શક્તિ છે કે નહી? અને આચરણમાં મૂકવાની તેની લાયકાત છે કે નહીં તેનોપણ વિચાર કરવો પડે, અપાત્ર માણુસને ઉંચા દરજ્જાના અનુષ્ઠાન કે જ્ઞાન ભણવાના સાધનોમાં વિચાર કર્યા વિના જોડી દેવામાં આવે ત્યારે તે અનુષ્ઠાન અને જ્ઞાન પણ લાજે.

નાલાયક અને અવિવેકી માણસના હાથમાં અકસ્માત મોટા ધનનો વારસો આવી જાય છે ત્યારે તે એ ધનને ખોટા માર્ગે વેડફી નાખી થોડા જ કાળમાં ફરી જેવો હતો તેવો થઇ બેસે છે. અપાત્ર માણસને તાંત્રિક જ્ઞાન મળી જાય છે ત્યારે તે જ્ઞાનનો પોતાના નિર્વાહ કે લોકોપકારક કાર્યમાં સારો ઉપયોગ નહીં કરતા લોકોને કનડવામાં અને અનીતિના કાર્યમાં કરે છે. શ્રી ગૌતમ ગણધર ભગવંતને અનેક લબ્ધીઓની સાધનાનું જ્ઞાન હતું. પણ તેમણે ખાસ જરૂર જણાઇ અને બીજો કોઇ માર્ગ ન જણાયો ત્યારે જ એ લબ્ધીનો યથોચિત ઉપયોગ કર્યો એમાં પોતાના જ્ઞાનનો તમાસો નહીં કરતા તે જીરવવાનો ઉપદેશ સમાએલો છે. ગણધર ભગવંત એ જીરવી શકતા હતા, એટલે જ લબ્ધીઓ દીપી નિકળી. એકાદ સામાન્ય માણસના હાથમાં એવું જ્ઞાન જાય તો એ તેવા જ્ઞાનનું બજાર ઉભું કરે પોતાની માનનીભૂખ શમાવવા માટે જ્યાં ત્યાં એનું પ્રદર્શન ઉભું કરે અને છેવટ એ જ્ઞાનને અને પોતાના આત્માને મોટું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નુકશાન પહોંચાડે.

હીપ્નોરીઝમ, મેસ્મેરીઝમ વિગેરે વિદ્યાઓ અમે સારી પેઠે જાણુતા હતા. એક સાધુ મહારાજ અમારી સાથે જોડાયા. અને અનેક જાતના પ્રયોગો વરસો સુધી અમોએ યશસ્વી રીતે કરી જોયા. એમાં મુખ્ય શરત એ હતી કે, કોઇપણ માણુસના ખાનગી મતલબના પ્રશ્નોના જવાબો આપવા નહીં. ફક્ત આવી જાતની ગુપ્ત શક્તિઓ હોઇ શકે અને છે, એટલું જાણુવા પુરતી જ એ પ્રયોગોની મર્યાદા હતી. દાખલા તરીકે દ્રુતવિલંબિત છંદના અક્ષરો કેટલા હોય અને યતિ કેટલા અક્ષરોમાં આવે છે. અગર ગણિત અગર વ્યાકરણુના પ્રશ્નનો ઉકેલ માગવો એવા પ્રશ્નો કે જે સામાન્ય માણુસ જાણુતો નહોય તેના જવાબો એક એકરો રહેજે આપે. એવા પ્રયોગો પછી અમોએ એ બધી બાબતનો છેવટનો પૂર્ણ વિરામ આપ્યો. સાધુ મહારાજને ખાસ સૂચના આપવામાં આવી કે, આ પ્રયોગો તમારે હવેથી કોઇ દિવસ કરવાજ નહી. તેમણે પણ સોગન પૂર્વક એ સૂચન પાળવાનું વચન આપ્યું. ત્યાર બાદ સાધુજી બીજે ગામ પધાર્યા. ચમત્કારની હકીકત તો પહેલાથી જ પહોંચી ગએલી. લોભી સટોડીઆનું ટોળુ ભેગું થયું. મહારાજને કીર્તિ અને જ્ઞાનનો ગર્વ થયો. અને ત્યાંથી તેમના પતનની શરૂઆત થઇ. **विवेक भ्रष्टानां भवति विनिपातः शतमूखः।** સટોડીઆઓ પાયમાલ થયા. બધું ગુમાવી બેઠા. અને સાધુ મહારાજે તો સાધુપણું ગુમાવ્યું જ. અને સાથે સાથે માનવતા પણુ ગુમાવી. અને ભ્રષ્ટપણે મોતને ભેટ્યા.

આ પ્રત્યક્ષ થએલી ઘટના છે. એથી આપણુને ઘણું જાણવા અને સમજવાનું મળે છે. ચમત્કાર એ અહં કે હું પણાને પોષણુ આપે છે. અને સ્વાભાવિક વિકાસ અહં કે હું પણાના ત્યાગમાંથી જન્મે છે. ચમત્કારમાં અહંને આગળ કરી આજ્ઞા કરવાની હોય છે. અને એમ કહી આત્માની શક્તિ ખોવી પડે છે. એટલેજ આવી હઠયોગથી મેળવેલી સિદ્ધિ નિરૂપયોગીજ નહીં પણુ નુકશાનકારક બણેલી છે. અને એવી સિદ્ધિ મેળવવાનો નિષેધ પણુ કરેલો છે. ત્યાગ, સંયમ અને તપશ્ચર્યાથી સિદ્ધિ મળે છે એમાં અહંપણાની ગંધ હોતી નથી. તેથી જ તેવા સિદ્ધિથી આત્માને નુકશાન થતું નથી. એટલે આપણામાં કોઈ પણુ એક જાતની વસ્તુ રહી શકે બે જાતની નહીં. અહંભાવનો ત્યાગ અને અહંભાવને પોષણુ એક સાથે કેમ સંભવે ? માટે જ અમો કહીએ છીએ કે, એકજ કોથળામાં વિરૂદ્ધ ગુણુ ધરાવનારી બે વસ્તુઓ ભરવી યોગ્ય નથી. એમ કરવાથી બન્ને વસ્તુઓના ગુણો નષ્ટ થઈ જવાના. અને છેવટે કોથળો પણુ નકામો થઈ જવાનો. માટે જ આત્માની એકાંતે ઉન્નતી જ સાધવી હોય અને આત્માની અવનતિ અટકાવવી હોય તો આત્માને પોષણુ મળે, આત્મા નિર્મલ થતો રહે એવા જ ગુણોનો અંગિકાર કરો.

આપણે કોઇ ઉપર ક્રોધ કરીએ, તેને ગમે તેવા દૂષણો આપતા રહીએ અને સાથે સાથે એની ઉપર દયા અને કરૂણા બતાવવાની વાત કરીએ એ કેમ બને ? વિષય વાસનાને મુક્તદ્વાર મૂકી પશુ જેવું વર્તન કરતા રહીએ અને સાથે સાથે સંયમની વાતો હાંકયે જઇએ એ સુસંગત શી રીતે બની શકે ? કીર્તિ, બહુમાન, મોટાઈ અને હું પણું પળવાર પણુ જતું નહીં કરીએ અને નામના કે કીર્તિ માટે મરી ફીટીએ અને સાથે સાથે ત્યાગ અને વૈરાગ્યના બણગાં ફૂંકતા રહીએ ત્યારે એથી આપણા આત્માને ગુણ શી રીતે થાય ? એટલા માટે જ અમો કહીએ છીએ કે, વિરોધી ગુણો ધરાવનારી વસ્તુઓ એકત્ર સેહેજ ભાવે રહેજ નહીં. ફક્ત વેશ પલટો કરવાથી ગુણ પલટો થઇ જ શકતો નથી.

આપણે નવી જગ્યામાં રહેવા જવાનું હોય ત્યારે તે ઘરને પહેલાં સાફ કરવું પડે. પૂરો કચરો કાઢી નાખવો પડે. ત્યારેજ નવું સાહિત્ય ત્યાં ગોઠવી શકાય. આપણે પહેલા નો કચરો કાયમ રાખી નિવાસ કરવા ધારીએ તો એ આપણું કાર્ય અસંગત અને અકાર્યક્ષમજ નિવડે તેવીજ રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બંધનના દ્વાર ક્યારે ઉઘડશે ?

મુનિ જનકવિજયજી

જૈન ધર્મની અહિંસા, અનેકાન્તવાદ અને અસાંપ્રદાયિકતાનું યથાર્થ જ્ઞાન જે કરી લે છે તે આ સિદ્ધાન્તો તરફ આકર્ષાયા વગર રહેતો નથી. ભગવાન મહાવીર પ્રભુએ પ્રરુપેલા સિદ્ધાન્તોની આજના યુગમાં ખૂબ જ જરૂરત છે. વિશ્વમાં સ્થાયી શાંતિના ઉપાયોની પૂર્વની અપેક્ષાએ આજે વધારે જરૂરત છે.

દેશમાં સ્વતંત્રતા આવ્યા પછી સાંપ્રદાયિકતા અને ભેદભાવનાને ઉત્તેજન આપવાવાળી પ્રવૃત્તિઓનું મૂલ્ય ઘટતું જાય છે. લોકોમાં પ્રત્યેક ધર્મ સંપ્રદાયના તત્વોને જાણવાની ભૂખ વધતી જાય છે. તેવા સમયે જો આપણે ભગવાન મહાવીરના સિદ્ધાન્તોનો પ્રચાર વાસ્તવિક રીતે કરવો જ હોય તો સર્વ પ્રથમ આપણે આપણું અન્તર્નિરીક્ષણ કર્યા વગર નહીં જ ચાલે, કારણકે સિદ્ધાન્ત અથવા મંતવ્યો ગમે તેટલા ઊંચા હોય પણ જો તેના અનુયાયીઓમાં જ તે સિદ્ધાન્તોનું આચરણ ન હોય તો તેનો પ્રચાર ન જ થાય તે સહજ છે અને તે સિદ્ધાન્ત કે ધર્મના સાચા અનુયાયીઓ પણ ન કહેવડાવી શકીએ તે પણ તેટલું જ સત્ય છે.

આપણે ત્યાં "ષદ્ દર્શન જિન અંગ ભણિજે" આનંદઘનજી મહારાજનું આ સ્તવન ખૂબ પ્રસિદ્ધ છે અને અનેકવાર બોલવામાં પણ આવે છે. છ એ દર્શનનું અધ્યયન કરી સ્યાદ્‌વાદની વિશાળતા અને ઉચ્ચતા બતાવીએ છીએ અને ખૂબ જ ઉત્સાહથી લોકોને સંભળાવીએ છીએ કે જૈન દર્શન વિશ્વ-દર્શન છે, જૈન ધર્મ વિશ્વ ધર્મ થવાની યોગ્યતા રાખે છે. આ પ્રમાણે વખાણ અને પ્રશંસા તો

માણસના હૃદયમાં કાયમ વસતી કરી રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, દ્વેશ ને મત્સર ઇર્ષા જેવા દોષો ઠાંસી ભરેલા હોય ત્યાંસુધી વૈરાગ્ય, સંયમ જેવા ઉંચા આત્મિક ગુણો ત્યાં શી રીતે પ્રગટે ? ભલે એ દુર્ગુણો સમૂળગા નષ્ટ નહીં થયા હોય પણ એ અવગુણોનો તિરસ્કાર તો જરૂર જાગવો જ જોઇએ. અને યદા કદાચિત એવા દૂષણો આવી જ ઉભા રહે ત્યારે તેનો પશ્ચાતાપ તો જરૂર થવો જ જોઇએ. અને ફરીવાર એના દૂષણો પોતામાં ન પ્રગટે એની કાંઇક સાવચેતી તો જરૂર રાખવી જ જોઇએ આવા દૂષણોને પોષણ મળતું જ રહે અને તેનેજ સાચા તરીકે સિદ્ધ કરવાનો પ્રયત્ન થતો જ રહે ત્યારે એ શતાબ્દિક અને બાહ્ય વૈરાગ્યનો શો અર્થ થાય ? ઉલટા એ દોષો છુપાવવા દંભ કરવો એજ પુરૂષાર્થ અને પરાક્રમ ગણાઇ જાય એમાં શંકા નથી. માટે જ અમો કહીએ છીએ કે, વિરોધીગુણો ધરાવતી વસ્તુઓ એકત્ર નિવાસ કરી ન શકે. સત્ય અને અસત્ય, ક્રોધ અને ક્ષમા, કૃપણતા અને ઉદારતા, વૈરાગ્ય અને દંભ એ કોઇ દિવસ સાથે રહી શકતા નથી. મરડી મચડી દેખાવ પુરતા તેને એકત્ર લાવવા પ્રયત્ન થાય છે ત્યારે તેનો દંભસ્ફોટ થયા વિના રહેતો નથી. સદ્‌ગુણોનો સંગ્રહ અને દુર્ગુણોનો ત્યાગ કરવા વૃત્તિ જાગે એ જ સદિચ્છા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે કરીએ છીએ પણ શું આટલાથી જ જૈન ધર્મમાં વિશ્વધર્મિતા અને વિશ્વવ્યાપિતા આવી શકે ખરી ?

જો તેના અનુયાયીઓનું જીવન એકાન્તવાદી, કદાગ્રહપૂર્ણ, સંકુચિત અને ગુણમત્સરતાવાળું હોય તો શું તેઓ પ્રશંસામાત્રથી પ્રચાર કરી શકે ? શું તેઓ પ્રચારના વાસ્તવિક અધિકારી થઇ શકે ? શું આજના પ્રગતિશીલ–વૈજ્ઞાનિક યુગમાં તેવા પ્રચારકોનો જગતમાં ઉપહાસ ન થાય ? કેમકે સ્યાદ્વાદનો સાચો અર્થ એ જ છે કે જીવનમાં કદાગ્રહ–મિથ્યા-આગ્રહના સ્થાને સત્યાગ્રહ–સત્યગવેષક વૃત્તિ, વિરોધી મન્તવ્યો પ્રત્યે સમતા અને બધી જ ભિન્ન ભિન્ન અપેક્ષાઓને સમજવા સમન્વય કરવા સહિષ્ણુતા ગુણની નિરંતર વૃદ્ધિ અને સ્થિરતા લાવવાનો.

જો આપણું જીવન સક્રિયરુપે સમન્વયવાદી બની જાય તો સિદ્ધાન્તોનો પ્રચાર ને વિસ્તાર આચારના માધ્યમથી જ થવા લાગે ને તે જ પ્રચાર યથાર્થને ચિર–સ્થાયી બની શકે અને સિદ્ધાન્ત જીવનસ્પર્શી હોવાના કારણે વાણીનો અલ્પ પણ પ્રચાર વધારે પ્રભાવશાળી બની જાય તે યથાર્થ છે.

જૈન સમાજની વર્તમાન દશાનું નિરીક્ષણ કરતા જ્યારે આપણે એક જ સંપ્રદાય અથવા એક જ ગચ્છમાં સામાન્ય વાતોને લીધે યોગ્ય શિષ્ટાચાર, પ્રેમાળ સંબંધ તથા વંદન આદિનો અભાવ જોઇએ છીએ ત્યારે ચિત્તમાં ઊંડો ખેદ થયા વગર રહેતો નથી, અને એથી પણ વધારે દુઃખનો વિષય તો એ છે કે આના કટુફળનો અનુભવ થવા છતાં આપણે જાગૃત થતાં નથી.

એમ કહેવાય છે કે પહેલા ૮૪ ગચ્છો હતા, ધીમે ધીમે લુપ્ત થતા આજે પાંચ–સાત અને તેમાં પણ સંખ્યા તથા પ્રભાવની દૃષ્ટિએ એક કે ત્રણની ગણત્રી થાય છે.

અનેક ગચ્છોની મર્યાદા તથા રીતિ–રિવાજોની ચર્ચા વિચારણા ન કરતાં એકલા તપાગચ્છનો વિચાર કરીએ તો તેમાં પણ પ્રેમભાવને વધારનારો વંદન–વ્યવહાર, યોગ્ય શિષ્ટાચાર તથા ગુણાનુરાગિતાના દર્શન થવાને બદલે સન્કુચિતતા, તેજોદ્વેષ અને ગુણ-મત્સરતાના દર્શન જ અધિક માત્રામાં થાય છે, અરે, સાગર અને વિજયની જ વાત શા માટે ? વિજયના વિજય સાથે પણ ગુણપૂજા અને દર્શન શુદ્ધિકરવા વાળો વંદન વ્યવહાર તથા સ્નેહભાવનો અભાવ જોવામાં આવે છે અને આ જ કારણે શ્રમણ સંઘનાં દિવસે દિવસે દ્વેશભાવના ને કટુવૃત્તિ કેવી રીતે વધી રહી છે તેના દર્શન સારી રીતે થઇ રહ્યા છે, અને તેના દુષ્પરિણામો પણ આપણે ભોગવી રહ્યા છીએ.

જયારે કોઇ ગૃહસ્થ સ્ત્રી અથવા પુરુષે દીક્ષા ન લીધી હોય ત્યાં સુધી તો બધા સમુદાયના સાધુઓ પાસે જઇ શકે, વંદન વ્યવહાર તથા શિષ્ટાચાર કરી શકે પણ જો તે દિક્ષીત થઇ જાય તો બીજા ગચ્છ અથવા સમુદાયના મહાન આચાર્યને પણ તે મળી શકે નહીં, વંદન તથા સુખશાતા ન પૂછી શકે. બીજા ગચ્છના કે સમુદાયના સાધુઓ ગમે તેટલા મહાન કેમ ન હોય, એમની સંયમ-સાધના ગમે તેટલી નિર્મળ ને પ્રેરણાપ્રદ કેમ ન હોય તો પણ તેમને વંદન ન જ થાય, કારણ કે સમુદાય તથા ગચ્છના બંધ અને દૃષ્ટિ રાગના કારણે તે એમ માનવા લાગેછે કે આથી મારી શ્રદ્ધામાં દુષણ લાગે, સંયમમાં બાધા પડે કેમકે મુનિપુંગવો બીજા ગચ્છ અને સમુદાયના છે, તેમની સાથે વ્યવહાર નથી. આ પ્રમાણે અનેક તુચ્છ ને દ્વેષવર્ધક નગણ્ય નિમિત્તોને સન્મુખ રાખી સંયમ સાધનાનો જે મૂળગુણ છે તેના ઉપર કઠોર પ્રહાર કરવામાં આવે છે. નજીવા મતભેદના કારણે બીજા ગચ્છ સંપ્રદાયના મુનિવરોની સંયમ-સાધના, નિર્મળ ગુણો, દીર્ઘ તપશ્ચર્યા આદિ બધુંજ અનુપાદેયને અનાવરણીય બની જાય ને તે મહા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરુષ વંદનને યોગ્ય ન હોઇ શકે તે કેટલા આશ્ચર્ય અને દુઃખની વાત કહેવાય ?

આ કારણે જ અધ્યાત્મ કલ્પદ્રમકારને કહેવું પડયું કે તપ, ક્રિયા, આવશ્યક દાન, પૂજા વગેરે ધાર્મિક ક્રીયા કરવાવાળામાં જો ગુણ મત્સરતા છે તો તે મોક્ષગામી નથી બની શકતો અને જેમ રસાયનોનું સેવન કરનાર જો તે અપથ્યનું ભોજન કરનાર હોય તો તે નિરોગી નથી થઇ શકતો.

"તપ; ક્રિયાવશ્યક દાન પૂજનઃ શિવં ન ગંતા ગુણ મત્સરી જનઃ. અપથ્ય ભોજી ન નિરામયોભવેત્ રસાયનૈક રપ્યતુમૈ: યદાતુરઃ."

જિનવાણીનું મધ્યસ્થ ભાવે ચિંતન અને મનન કરતાં આપણને અસાંપ્રદાયિક, વિશાળ અને સત્ય માર્ગાભિમુખ થવા માટે ગીતાર્થ પુરુષોના રહસ્યમય ઉદ્ગારો પ્રેરણા આપે છે જ.

તાર્કિક શિરોમણી ન્યા૦ન્યા૦પૂ૦ યશોવિજયજી મહારાજ પરમાત્મો પચ્ચીસીમાં જણાવે છે કે ઇન્દ્રિયો તથા કષાયોનું દમન કરવાવાળા શુભ આશયી સાધકો જુદા જુદા માર્ગો દ્વારા પણ પરમાત્મગતિને પ્રાન્ત થઈ શકે છે.

અધ્યાત્મ મત પરિપદમાં આજ મહાપુરુષ જણાવે છે કે વધારે શું કહીએ, જેમ રાગદ્વેષ ઓછા થાય તેમ વર્તવું આજ આજ્ઞા જિનેશ્વરોની છે.

"જિતેન્દ્રયા જિત ક્રોધા દાન્તાત્માન: શુભાશયા: પરમાત્મ ગતિં યાન્તિ વિભિન્નૈરવિ વર્ત્મભિઃ કિં બહુણા ઇહ જહ જહ રાગ દોષા તહ્ં વિલિજ્જંતિ તહ તહ પયટ્ટિટઅવ્વં એસા આણા જિણિંદાણં"

આ પ્રમાણે સમતા ને સમન્વયના પોષક વિદ્વાનોની વિદ્યમાનતામાં પણ આપણે ઉંચા ઉઠી સંઘને ઉત્થાનની તરફ લઈ જવા પ્રયત્ન ન કરી શકતા હોઇએ તો એમ માનવાને કારણ મળે છે કે આપણને જિન શાસન કરતાં સ્વ શાસન, સ્વ-ગચ્છ ને સ્વ. સમુદાય વધારે પ્રિય છે અને આ દષ્ટિરાગના કુચક્રમાં પડી ત્યાગ અને ગુણ પૂજાને આધાર રાખી ચાલવાવાળી શ્રમણ સંસ્થામાં પણ પ્રારંભથી જ શિષ્યને સંકુચિતતાને ગુણ મત્સરતાનો પાઠ ભણાવવામાં આવે છે, આથી વિશેષ પતન અને અતિચિંતાનો વિષય બીજો શો હોઈ શકે ?

આ પ્રમાણે વૈમનસ્ય અને કુસંપ વધારનારી પ્રવૃત્તિની વૃદ્ધિ થવાના કારણે જે શ્રમણસંસ્થા એક સમયે તેજસ્વી અને વર્ચસ્વવાળી હતી તે આજે નિસ્તેજ ને વર્ચસ્વહીન દેખાઈ રહી છે. આજનો યુવક-ગણ નિરર્થક, નિરસ અને દુષ્ટિરાગને પોષનારી આવી અનેકવિધ પ્રવૃત્તિઓથી કંટાળી ધર્મના સત્ય તત્વોથી પણ વધારે ને વધારે દૂર થતો જાય છે.

આજના વૈજ્ઞાનિક યુગમાં પણ જો શ્રમણ-સંઘના દીર્ઘદર્શી મહાપુરુષો આ અનિષ્ટકારી પ્રવૃત્તિને નાબુદ નહીં કરે તો ભવિષ્યની પેઢી આ પ્રથાને કયાં સુધી રહેવા દેશે, ? અને પોતાના જ પૂર્વ પુરુષો માટે શી કલ્પના કરશે તે સમજવું અનુભવિઓ માટે અશકય નથી.

દ્રવ્યક્ષેત્ર કાળ ભાવનો વિચાર કરી ગુણ-પૂજાની સાથે પ્રેમાળ સંબંધને વધારનાર વંદનના દ્વાર આપણે જલ્દી ઊઘાડીએ એ જ અભ્યર્થના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવસ્થાપુર્વક જોરદાર પ્રયાસ કરવાની આવશ્યકતા

**[ ભારતીય જૈન સ્વયંસેવક પરિષદના દસમા અધિવેશનના**

**પ્રમુખ શ્રી હીરાલાલ હાલચંદ દલાલના ઉદ્ગારો ]**

**સ્વયંસેવક બંધુઓ, સજ્જનો અને સન્નારીઓ,**

આ અધિવેશનનું પ્રમુખસ્થાન મને આપ્યું તે માટે આપ સર્વેનો આભાર માનું છું. અને આ ધુરાનો ભાર ઓછેવત્તે અંશે વહન કરવાની મને શક્તિ અને અનુકુળ સંજોગો આપે એવી શાસનદેવને પ્રાર્થના કરું છું.

આપણી પરિષદનો ઉદ્દેશ 'જૈન ધર્મ, સમાજ અને રાષ્ટ્રની સેવા' કરવાનો છે. આપણા ઉદ્દેશો બહુ વિસ્તૃત હોવા છતાં આપણી શક્તિ મર્યાદિત છે. એટલે ઉદ્દેશ ગમે તેટલા વિશાળ હોય પણ આપણી શક્તિની મર્યાદા અનુસાર આપણાં કાર્યક્ષેત્રની વ્યવહારૂ મર્યાદા બાંધવી જોઇએ. કારણોવસાત તેમાં ફેરફાર જરૂર કરી શકીએ, પરંતુ કાર્યની અગત્યતા પ્રમાણે અમુક વસ્તુ પર ધ્યાન કેંદ્રિત કરી આપણી બધી શક્તિ તેની પાછળ લગાડી દઈ સતત કામ કરીએ તો જરૂર સફળતાપૂર્વક કંઇક સારું કામ કરી શકશું. જ્યાં જ્યાં જે જે કાર્યો બીજા ભાઇઓએ ઉપાડી લીધા હોય તેવાં કાર્યો કરવા આપણે પ્રયત્ન કરવાની જરૂર નથી. છતાં એવા કાર્યોમાં ઉણપ લાગે તો એના કાર્યકરોને સહકાર આપવા જ પ્રયત્ન કરવો ઇષ્ટ છે.

સમાજસેવાનાં એવાં ઘણા નાનાં મોટાં કાર્યો છે. કે જેના તરફ આપણું ધ્યાન કેન્દ્રિત થયું નથી. જો તેને હાથ ધરવામાં આવે તો આપણે જરૂર સમાજની એક મોટી સેવા કરી શકીશું.

અત્યારના વિષમકાળમાં જરૂરીયાતની ચીજવસ્તુઓની મોંઘવારીથી મધ્યમ વર્ગની યાતના વધતી જાય છે. ધંધા રોજગાર ઉપર કેટલાય કન્ટ્રોલ અને સરકારી નિયંત્રણોને લીધે કેટલાય માણસો બેકાર બન્યા છે. સારા ઉદ્દેશથી કાયદાઓ ઘડવામાં આવે છે. છતાં કેટલાય નિર્દોષ માણસોને અન્યાય થયો છે. જે થયું તે થયું, સામાજીક અને આર્થીક ક્રાંતિનો વંટોળ ચઢ્યો છે. કેટલાક એ વંટોળમાં ચઢી વૈભવનાં શિખરે પહોંચ્યા છે, ત્યારે કેટલાક દુ:ખ દારિદ્રયના ખાડામાં પડ્યા છે જે લોકો ખાડામાં પડયા છે તેમને બહાર કાઢવા એ એક મોટી સમસ્યા છે.

શ્રાવક-શ્રાવિકા ઉત્કર્ષક્ષેત્ર માટે કેટલાય વખતથી સમાજના નેતાઓએ વિચારો તેમ પ્રયત્નો કર્યા છે, પણ તેનો ઉકેલ હજુ સુધી આવી શકયો નથી. એ દિશામાં વધુ વ્યવસ્થાપૂર્વક અને જોરદાર પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. જેઓ બેકાર છે અને કામ કરવું છે. એમને કામ મળતું નથી, અથવા ક્યાં મળશે તેની ખબર નથી; એવા માટે આપણા દેશમાં કેટલાય ઠેકાણે Employment Exchanges( કામ ધંધો મેળવી આપવા માટેની સંસ્થાઓ ) છે. આપણા સમાજમાં બેકારી નીવારવા માટે એવી સંસ્થા સ્થાપવાના પણ પ્રયત્નો થયા છે. પરંતુ એમાં આપણને કામયાબી મળી નથી. આ માટે કોણ કેવા પ્રકારની લાયકાતવાળા માણસોનું રજીસ્ટર રાખવું જોઇએ. તેમ સરકારી કે બીન સરકારી એમ્પ્લોઇમેન્ટ બ્યુરો કે એકસચેંઇજના સંપર્કમાં આવી તેની માહિતી તથા સંસ્થાઓમાં કેવી માંગ છે, કેવી લાયકાતવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માણસોની જરૂર છે, એ જાણી લઈ આપણા બેકાર ભાઈઓને એના સંપર્કમાં મૂકી એમને નોકરી ધંધો મેળવવા મદદ કરવી જરૂરી છે.

સેવાના અનેક પ્રકાર છે. જેવું દુઃખ, જેવો પ્રશ્ન જેવી મુશ્કેલી, જેવા સંજોગો, તેવા સેવાના પ્રકાર. સેવા ધનથી જ થઈ શકે એમ નથી. જો કે ધન એ જરૂરી વસ્તુ છે, પણ સેવા જાતમહેનત અને સલાહ સુચનથી વધારે થઈ શકે. દરેક માણસ પોતાની શકિત, સંજોગ અને ઇચ્છા પ્રમાણે સેવા આપી શકે.

અહીં સેવાના એક પ્રકારની નોંધ લેવા મન લલચાય છે. જેનો રિપોર્ટ 'ફ્રી પ્રેસ જનરલ'માં હતો વેસ્ટ જર્મનીમાં એક ચશ્માવાળાએ એક ચર્ચના ખ્રિસ્તી દેવળના અધિકારીને વાત કરી કે હિંદમાં ઘણા લોકો પૈસાના અભાવે ચશ્માની તકલીફ ભોગવે છે. દેવળના અધિકારીએ ત્યાંના બોયસ્કાઉટસને એ વાત કરતા તેઓએ ઘેર ઘેર ફરીને ત્રણ હજાર ચશ્માની જોડ ભેગી કરી.

સેવાનો આ કેવો પ્રકાર! કેવી તાત્કાલીક વ્યવહારૂ અને બીન ખર્ચાળ સેવા! જનસેવાનો અને વિશ્વબંધુત્વનો કેવો સુંદર દાખલો છે! આપણે દરેક પ્રશ્ન ઉપર ખરા દિલથી વિચાર કરીએ તો આવું ઘણું કરી શકીએ.

સેવામાટે કેટલો ભોગ આપવો પડે, કેટલો સ્વાર્થત્યાગ કરવો પડે, અમે તે કષ્ટ પડે પણ સેવા ચૂકે નહિ. એવો સચોટ આદર્શ આપણાં શાસ્ત્રમાં શ્રી નંદિષેણ મુનિની કથા અજોડ દૃષ્ટાંત પૂરૂં પાડે છે. આપણે જૈન ધર્મના અનુયાયીઓ, આવા અમૂલ્ય ખજાનાના વારસદારો કંઇ ને કંઇ સેવા કરી છૂટીએ, એવી ભાવના રાખવી જોઇએ.

સેવા એ આપણો ધર્મ છે, ધર્મનો ઉપદેશ છે. "મન્નહં જિણાણ"ની સજ્ઝાયમાં શ્રાવકે કરવાના કાર્યોનું પુનરાવર્તન રોજ કરીએ છીએ. તેમાં "પરોવયારો," એટલે પરોપકાર અર્થાત્ બીજાની સેવા આવે છે.

આપણા સમાજમાં નજીવા અને ગૌણ મતમતાંતરો ઘણા છે જેનો આપણે ઉકેલ નહિ લાવી શકવાથી જુદા જુદા વિભાગો વચ્ચે કડવાશ અને વૈમનસ્ય વધ્યું છે. એવા મતમતાંતરોમાં અહં, મમત્વ અને ગેરસમજ મોટા ભાગ ભજવે છે. આપણે સરળતાથી અને પ્રમાણિકપણે ઉકેલ લાવવા મથીએ તો જરૂર ઉકેલ આવે ખરો. પણ સામયિક જેનું આદર્શ છે, એવા સમતા અને સરળતાના પૂજારીઓમાં સમતાભાવ કે નિરહંભાવ કેમ દેખાતો નથી?

જ્યાં જ્યાં ઘર્ષણ અને કડવાશ ફેલાવતા મતમતાંતરો હોય, તે કયા કારણે છે, તે કેમ દૂર થાય ને એક બીજા પક્ષને દખલગીરી ન લાગે તેમ ધીરજ કાર્યદક્ષતા, સહિષ્ણુતા, નમ્રતા અને અપમાન પણ સહન કરવાની તાકાત રાખી કડવાશ દૂર કરવા વિનમ્રભાવે પ્રયત્નો કરવા જોઇએ.

વિશ્વબંધુત્વ આપણો આદર્શ છે. એ આપણો ધર્મ છે, એમાં હક્કને સ્થાન નથી. ફરજ સ્વાર્પણ જ મુખ્ય છે. એમ પરસ્પરના પ્રેમમાં, સેવાના તાલથી આપણે જીવન જીવીએ તો આપણું જીવન એક સુંદર નૃત્ય સમું બની રહે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. 431

# સંસ્કૃતનું મહત્વ

આપણા ભૂતકાળને સાંધનાર એ સેતુબંધ છે, જે આપણને પ્રેરકબળ આપે છે. ને આપણું ઉત્થાન તેને આધારે થયું છે. વર્ષોથી એ ભૂતકાળનો સંબંધ જોડનાર સેતુ છે, તે સંબંધને આપણે તોડી ફોડી ફેંકી દઈએ; તે શક્ય નથી.

આપણા ભૂતકાળના સંબંધને જોડનાર સેતુબંધમાં એક તો સંસ્કૃત ભાષા છે, મને તેને માટે ઘણું મોટું આકર્ષણ છે! ભારતીય વિચાર અને સંસ્કારના પ્રતિનિધિરૂપે સંસ્કૃત ભાષા ગૌરવ ધરાવે છે. ભારતીય બીજી ભાષાઓ સંસ્કૃતમાંથી સીધી ઊતરી આવી છે; અથવા તો તેના આધારે ચાલી આવી છે.

આપણા દેશના વિવિધ પ્રદેશો પર જે વિચાર અને સંસ્કારનાં દર્શન થાય છે; તેના મૂળ આધારમાં અને તેની એકતાને જોડવામાં સંસ્કૃતે ઘણો મોટો ફાળો આપ્યો છે.

આજે ભારતમાં જે પ્રગતિ જોવાને મળે છે, તેનું મૂળ કારણ આ સંસ્કૃત ભાષા છે. જો એ મૂળને આપણે કાપી નાખીશું, તો પછી આપણા લોકો વધારે પડતા છીછરા અને ઓછા વિચાર ધરાવનાર થઈ જશે. ભારતીય જનો પછી ભારતીય નહિં રહે, સામાન્ય માનવીઓ થઈ જશે.

આપણા જીવનમાં અંગ્રેજી ભાષાનાં મૂળ નંખાય; એવો આગ્રહ હું કદી પણ સેવું એમ નથી. આ તો પ્રજાતંત્રનો યુગ છે, એટલે કોઈ જાતનો આગ્રહ લોકો પાસે રાખી શકાય એમ નથી!

પણ એક વાત જરૂરની છે! ભૂત, વર્તમાન અને ભવિષ્યને જોડનારી એક સાંકળ જરૂર હોવી જોઇએ. આપણી આજની ભાષાઓનું સંસ્કૃતની સાથે જોડાણ જરૂર થવું જોઈએ. એ ભૂતકાળનાં ભવ્ય વારસાને વર્તમાનકાલીન વિચારસરણિ સાથે જોડવામાટે, જે કોઇ પ્રયત્ન હાથ ધરવો જોઇએ; તે જરૂર સ્વીકારી લેવાય! ભૂતકાળના સંસ્કારોની સાથે વર્તમાન યુગના વિજ્ઞાનની સાંકળ જરૂર જોડવી જોઇએ.

પંડિત જવાહરલાલ નેહરુ

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર

For Private And Personal Use Only